સુરત સ્ટેશન પરથી 10.100 કિલો ગાંજા સાથે એકની ધરપકડ

પ્લેટફોર્મ નં.1 પર બાઇક પાર્કિંગના પગથિયાંથી બહાર જતી વખતે ટ્રોલીબેગમાંથી મળ્યો ગાંજો

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર એસઓજીની ટીમે 10.100 કિલોગ્રામ ગાંજા સાથે એક ઇસમને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કુલ 5,05,500 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

મિશન સેફ સ્ટેશન અભિયાન અંતર્ગત એટીએસ ચાર્ટર મુજબની કામગીરી કરવા અંગેની ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. તેના આધારે એસઓજી અને એનડીપીએસ ડેડીકેટેડ ટીમના સભ્યો તા. 14/11/2026ના રોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર અલગ અલગ જગ્યાએ વોચમાં હાજર હતા.

તે દરમિયાન સાંજે લગભગ 17/05 વાગ્યાના સુમારે સુરત રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.1ના વચ્ચેના ભાગે સ્પીડ પાર્સલ ઓફિસ પાસે લોખંડના દરવાજામાંથી બાઇક પાર્કિંગના પગથિયાં ઉતરીને બહાર જતી વખતે એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી લેવામાં આવ્યો હતો.

પકડાયેલા ઇસમની ઓળખ બુધિયા ઉર્ફે જતી, પિતાનું નામ ક્રિષ્ણા, જાતે સ્વાંઇ, ઉંમર 26, ધંધો મજૂરી, રહે ગામ ખોજાપલ્લી, પોસ્ટ/થાના કવિસુજ્જનગર, જિલ્લો ગંજામ, ઓડિશા તરીકે થઈ છે.

તેની પાસેની ટ્રોલીબેગમાંથી કુલ 10.100 કિલોગ્રામ ગાંજો કિંમત રૂ. 5,05,000, એક ટ્રોલીબેગ, એક રેલવેની જનરલ ટિકિટ, એક ચાવી સાથેનું તાળું અને રોકડા રૂ. 500 મળી કુલ રૂ. 5,05,500નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

તેના આધારે સુરત રેલવે પોલીસ સ્ટેશન પાર્ટ-બી ગુ.ર.નં. 11212051-261760/2026, એનડીપીએસ એક્ટ કલમ-8(સી), 20(બી-ii)બી, 29 મુજબનો ગુનો શોધી કાઢવામાં આવ્યો છે. ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો, તે દિશામાં તપાસ ચાલી રહી છે.

અયોધ્યા અને છપરા માટે બે વન વે સ્પેશિયલ ટ્રેન

તહેવારની ભીડને પહોંચી વળવા 16 નવેમ્બરે વિશેષ ભાડા પર દોડશે

બંને ટ્રેનો, સ્લીપર અને જનરલ કોચની સુવિધા

સુરત : મુસાફરોની સુવિધા માટે અને તહેવારની સિઝન દરમિયાન વધારાની ભીડને સમાવવાના હેતુથી 16 નવેમ્બર, 2026ના રોજ મુંબઈ સેન્ટ્રલથી અયોધ્યા કેન્ટ અને ઉધનાથી છપરા માટે વિશેષ ભાડા પર બે વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. બંને ટ્રેનોમાં સ્લીપર ક્લાસ અને સામાન્ય દ્વિતીય શ્રેણીના કોચ હશે.

સોમવાર, 16 નવેમ્બર, 2026ના રોજ મુંબઈ સેન્ટ્રલથી 10.30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 21.00 વાગ્યે અયોધ્યા કેન્ટ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, વડોદરા જં., રતલામ જં., નાગદા જં., કોટા જં., સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના જં., ઈદગાહ આગ્રા જં., ટૂંડલા જં., કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ અને બારાબંકી જં. સ્ટેશનો પર રોકાશે.

સોમવાર, 16 નવેમ્બર, 2026ના રોજ ઉધનાથી 19.45 વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે, બુધવાર, 18 નવેમ્બર, 2026ના રોજ 07.30 વાગ્યે છપરા પહોંચશે. આ ટ્રેન માર્ગમાં વ્યારા, નંદુરબાર, દોંડાઈચા, અમલનેર, ધરણગાંવ, ભુસાવલ જં., ખંડવા જં., ઈટારસી જં., જબલપુર, કટની જં., સતના જં., માણિકપુર જં., પ્રયાગરાજ છિવકી જં., મિર્ઝાપુર, વારાણસી જં., જૌનપુર જં., શાહગંજ જં., આઝમગઢ, મઉ જં., રસડા અને બલિયા સ્ટેશનો પર રોકાશે.

ગયા વર્ષ કરતાં 53.6% ટકા વધુ લોકો રેલવેના ચેકિંગમાં ઝડપાયા

15 દિવસના વિશેષ અભિયાન 'ઓપરેશન ડીપ'માં 94,919 કેસ પકડાયા

સુરત : દિવાળી અને છઠના તહેવાર પર ટ્રેનોમાં ઉમટેલી મુસાફરોની ભારે ભીડ વચ્ચે મુંબઈ સેન્ટ્રલ મંડળે ટિકિટ ચેકિંગ દ્વારા રેકોર્ડ કમાણી કરી છે. તહેવારો દરમિયાન વિના ટિકિટ અને અનિયમિત ટિકિટ પર મુસાફરી કરનારાઓ વિરુદ્ધ ચલાવાયેલા 15 દિવસીય વિશેષ અભિયાન 'ઓપરેશન ડીપ'માં રેલવેએ 8.23 કરોડ રૂપિયાની આવક મેળવી. આ કમાણી ગયા વર્ષની સરખામણીમાં 53.6 ટકા વધુ છે. ખાસ વાત એ છે કે મંડળે અભિયાન માટે નિર્ધારિત લક્ષ્યાંકને પણ પાછળ છોડી દીધો.

મુંબઈ સેન્ટ્રલ મંડળમાં આ વિશેષ ટિકિટ તપાસ અભિયાન 31 ઓક્ટોબરથી 14 નવેમ્બર સુધી ચલાવવામાં આવ્યું. આ દરમિયાન ટિકિટ તપાસ કર્મચારીઓ અને અધિકારીઓએ કુલ 94,919 કેસ પકડ્યા. આ કેસોમાંથી રેલવેને 8,22,99,300 રૂપિયાની કમાણી થઈ. જ્યારે અભિયાન માટે 7,65,41,869 રૂપિયાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો. આ રીતે મંડળે લક્ષ્યાંક કરતાં 57.57 લાખ રૂપિયા વધુ કમાણી કરી, જે નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 7.52 ટકા વધુ છે.

ગયા વર્ષે દિવાળી દરમિયાન ટિકિટ તપાસથી રેલવેને 5.36 કરોડ રૂપિયાની આવક મળી હતી. આ વખતે આ આંકડો વધીને 8.23 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો. એટલે કે એક વર્ષમાં ટિકિટ તપાસથી થતી કમાણીમાં લગભગ 2.87 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે.

તહેવારની સિઝનમાં ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા વધવાની સાથે જનરલ અને સ્લીપર કોચમાં ભીડનું દબાણ પણ વધી જાય છે. એવામાં વિના ટિકિટ મુસાફરી, નિર્ધારિત શ્રેણીથી અલગ કોચમાં પ્રવાસ અને અનિયમિત ટિકિટના કેસો પર અંકુશ મૂકવા માટે અભિયાન ચલાવવામાં આવ્યું. રેલવેનો હેતુ આવકની સુરક્ષા સાથે મુસાફરોને નિયમો હેઠળ મુસાફરી કરવા માટે પ્રોત્સાહિત કરવાનો પણ હતો.

હિન્દુ-મુસ્લિમ એકતાના સંદેશ સાથે ભવ્ય જુલૂસ યોજાયું

કાપોદ્રામાં લાભ પાંચમે કોમી એકતા અને જીવદયાનો અનોખો સંગમ

કદીરબાવા પીરઝાદા સહિતના ધર્મગુરુઓએ શિક્ષણ જાગૃતિ, ગૌપાલન અને વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો



અંકલેશ્વર,સુરતઃ અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા ગામે લાભ પાંચમના પવિત્ર અવસરે વર્ષોની પરંપરા મુજબ કોમી એકતા, ભાઈચારો, જીવદયા, શિક્ષણ જાગૃતિ અને વ્યસનમુક્તિનો સંદેશ ફેલાવતો ધાર્મિક સદભાવ કાર્યક્રમ ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો. હિન્દુ-મુસ્લિમ એકતા અને જીવદયાના સંદેશ સાથે ભવ્ય જુલૂસનું આયોજન કરાયું હતું, જેમાં આસપાસનાં ગામોમાંથી બંને સમાજના હજારો શ્રદ્ધાળુઓ અને ઝાયરીનો ઉમટી પડ્યા હતા. ઉપસ્થિત બાવા સાહેબોનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હજરત મોટા મિયાં ચિશ્તીના વંશજ તથા મોટા મિયાં માંગરોળ એકલબારા પાદરાના ગાદીપતિ કદીરબાવા પીરઝાદા, ઝઘડિયાના ગાદીપતિ પીર રફીકબાવા પીરઝાદા તેમજ લંડનથી વર્ચ્યુઅલ માધ્યમથી ડો. અર્હમબાવા પીરઝાદાએ સંબોધન કર્યું હતું.

કદીરબાવા પીરઝાદાએ હજારો શ્રદ્ધાળુઓને સંબોધતાં જણાવ્યું હતું કે, મોટા મિયાં ચિશ્તી બાવાની પરંપરાને અનુસરીને અહીં કોમી એકતા, ભાઈચારો, જીવદયા, ગૌપાલન, શિક્ષણ જાગૃતિ અને વ્યસનમુક્તિનો અનોખો સંગમ જોવા મળે છે. મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે સામાજિક એકતા, શિક્ષણ અને વ્યસનમુક્તિનો સંદેશ ઘરે ઘરે પહોંચાડવો સૌની જવાબદારી છે.

તેમણે ગૌપાલન અને પશુપાલન દ્વારા ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા, સ્ત્રી કેળવણીને પ્રોત્સાહન આપવા તથા માનવતા અને સમાનતાનાં મૂલ્યો જાળવવા પર ભાર મૂક્યો હતો. કાપોદ્રા ગામનો આ સ્નેહમિલન કાર્યક્રમ કોમી સદભાવનાનું ઉદાહરણ છે.

લંડનથી વર્ચ્યુઅલ સંબોધન કરતાં ડો. અર્હમબાવા પીરઝાદાએ 'ઘેર ઘેર ગાયો પાળો'ની સાથે 'ઘેર ઘેર શિક્ષણ મેળવો'નો સંદેશ આપતાં જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે તે જરૂરી છે. શિક્ષિત સમાજ જ મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. કાર્યક્રમમાં ન્યાઝ-જમણવાર સાથે સૂફી ભજનો અને ગીત-સંગીતની રમઝટ પણ જામી હતી. સમગ્ર આયોજનમાં ધાર્મિક આસ્થા સાથે સામાજિક સમરસતા અને માનવતાનો સંદેશ પ્રસર્યો હતો.

સુરતમાં ઠંડીનો ચમકારો યથાવત્, તાપમાનમાં વધુ ઘટાડો

મહત્તમ તાપમાન 34.5 અને લઘુત્તમ 19.6 ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં દિવાળીથી શરૂ થયેલી ઠંડીની અસર હવે ધીમે ધીમે વર્તાઈ રહી છે. શહેરના તાપમાનમાં સતત ઉતાર-ચઢાવ વચ્ચે આજે મહત્તમ અને લઘુત્તમ બંને તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને 34.5 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં અડધો ડિગ્રીનો ઘટાડો થતાં પારો 19.6 ડિગ્રી સુધી પહોંચ્યો હતો. વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

હવામાનમાં ભેજનું પ્રમાણ 62 ટકા નોંધાયું હતું. સાથે જ શહેરમાં મંદ પવનો ફૂંકાતા વાતાવરણમાં આંશિક ઠંડક અનુભવાઈ હતી. દિવસ દરમિયાન તાપમાન પ્રમાણમાં ઊંચું રહેતું હોવા છતાં સવાર અને સાંજના સમયે હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. દિવાળી બાદથી જ શહેરમાં ઠંડીનું આગમન થયું છે અને ધીમે ધીમે શિયાળાની અસર વધતી જણાઈ રહી છે. દરમિયાન હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ સુરત સહિતના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વધવાના કારણે આકાશમાં વાદળો છવાઈ શકે છે. જોકે, વાતાવરણ મુખ્યત્વે સુષ્ક રહેવાની શક્યતા છે. હવામાનમાં આવનારા આ ફેરફારને પગલે તાપમાનમાં પણ સામાન્ય વધઘટ જોવા મળી શકે છે. હાલ શહેરમાં ઠંડીની શરૂઆત સાથે દિવસ અને રાતના તાપમાન વચ્ચેનો તફાવત અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં હવામાનની સ્થિતિમાં કેવો ફેરફાર થાય છે તેના પર સૌની નજર રહેશે.

છોટાઉદેપુરથી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી વિકાસનું નવું ચિત્ર રજૂ કર્યું

જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

મુખ્યમંત્રીના હસ્તે 14 આદિવાસી જિલ્લાઓમાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

ગાંધીનગર : ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાજકીય અને વિકાસલક્ષી એજન્ડાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો વચ્ચે છોટાઉદેપુરમાં જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી યોજીને ભાજપ સરકારે આદિવાસી સમાજ સુધી વિકાસનો સંદેશ પહોંચાડ્યો છે. ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીના અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એકસાથે રૂ. 2,283.97 કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપી આદિવાસી વિસ્તારોમાં આગામી વિકાસની રૂપરેખા રજૂ કરી હતી.

ખાસ કરીને આગામી પાંચ વર્ષમાં જનજાતીય વિસ્તારોમાં રૂ. 2 લાખ કરોડનાં વિકાસકામોનું આયોજન, છોટાઉદેપુરને સ્પોર્ટ્સ અને ફૂડ પ્રોસેસિંગ હબ બનાવવાની જાહેરાત તથા 14 આદિવાસી જિલ્લાઓમાં નવી પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજનાનો પ્રારંભ આ કાર્યક્રમનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. મુખ્યમંત્રીએ આદિવાસી વિસ્તારોમાં અગાઉ પાકા રસ્તાની માગણી થતી હતી ત્યાં હવે હાઈસ્પીડ કોરિડોરનું જોડાણ થઈ રહ્યું હોવાનું જણાવી વિકાસની બદલાતી તસવીર રજૂ કરી હતી.

14 આદિવાસી જિલ્લાઓમાં પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજના

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં 'પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજના'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આદિવાસી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા અને વાડી આધારિત આવકની તકો ઊભી કરવા આ યોજના મહત્ત્વપૂર્ણ બની શકે છે. આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી પટ્ટામાં વસતા 1.11 કરોડથી વધુ આદિવાસી ભાઈ-બહેનોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રીના નેતૃત્વમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે અમલમાં મૂકવામાં આવી રહી છે.

18,828 લાભાર્થીઓને વન અધિકાર પત્રોની મંજૂરી

જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓના નાગરિકો માટે કુલ રૂ. 2,283.97 કરોડનાં વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસ ભેટમાં આદિજાતિ વિકાસ વિભાગ ઉપરાંત પાણી પુરવઠા, સિંચાઈ, માર્ગ-મકાન, શિક્ષણ, આરોગ્ય, પશુચિકિત્સા, વન અને પર્યાવરણ તથા પંચાયત વિભાગનાં કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 18,828 લાભાર્થીઓને વન અધિકાર પત્રોની મંજૂરી અને રૂ. 1,017 કરોડના વિકાસકાર્યો સહિતના અન્ય પ્રકલ્પો પણ સામેલ કરવામાં આવ્યા હતા.આદર્શ નિવાસી શાળાઓ, છાત્રાલયો, એકલવ્ય મોડેલ સ્કૂલો અને ન્યૂ ગુજરાત રેસિડેન્શિયલ સ્કૂલને લગતાં માળખાકીય કામો ઉપરાંત શબરી બુથ અને જોહાર કાફેની પહેલ પણ શરૂ કરવામાં આવી હતી.

ગુજરાતમાં ૧૯મી નવેમ્બરથી તાપમાન ૨થી ૩ ડિગ્રી ઘટશે

હાલ રાજ્યભરમાં વાતાવરણ સૂકું, દિવસનું તાપમાન ૩૨થી ૩૬ ડિગ્રી વચ્ચે યથાવત્

ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઠંડીનું જોર વધુ રહેવાની શક્યતા

અમદાવાદ : ગુજરાતમાં હાલ દિવસ દરમિયાન ગરમી અને વહેલી સવારે તથા રાત્રે હળવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે આગામી સપ્તાહના મધ્યભાગથી ઠંડીનો ચમકારો વધવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થવાની અને ત્યારબાદ રાજ્યભરમાં તાપમાનનો પારો ધીમે ધીમે ૨થી ૩ ડિગ્રી ગગડવાની આગાહી કરી છે.

ખાસ કરીને ૧૯ અને ૨૦ નવેમ્બર આસપાસ ઉત્તર અને પૂર્વ દિશાના ઠંડા પવનોને કારણે વહેલી સવારે તથા રાત્રે ઠંડી વધુ અનુભવાશે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીએ ઠંડીનું પ્રમાણ વધારે રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે રાજ્યના ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તથા દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં તાપમાનમાં મોટો ફેરફાર નોંધાયો નહોતો.

કચ્છના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું. રાજ્યમાં મહુવામાં ૧૬.૯ ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

રવિવારે રાજ્યમાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ યથાવત્ રહ્યો હતો. રાજકોટમાં ૩૬.૪ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરતમાં ૩૫.૪, અમરેલીમાં ૩૫.૩, સુરેન્દ્રનગરમાં ૩૫.૩, કેશોદમાં ૩૫.૧, અમદાવાદ અને વડોદરામાં ૩૫.૦, ભૂજમાં ૩૫.૮, કંડલા પોર્ટ પર ૩૫.૦, ડીસામાં ૩૪.૭, ગાંધીનગરમાં ૩૩.૦, વલ્લભ વિદ્યાનગરમાં ૩૪.૯ અને દમણમાં ૩૨.૪ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું.

કાંઠા સુગરના 814 ખેડૂતોના રૂપિયા 7.44 કરોડ બે વર્ષથી બાકી

18મીએ કસ્ટોડિયન કમિટીને આવેદનપત્ર અપાશે

સંતોષકારક જવાબ નહીં મળે તો 18 મી એ સુગર ફેક્ટરીમાં દેખાવો કરવાની ચીમકી

સુરત : ઓલપાડ કાંઠા સુગરમાં શેરડી પૂરી પાડનારા 814 ખેડૂતોનાં છેલ્લા બે વર્ષથી રૂ.7.44 કરોડ બાકી હોવાનો આક્ષેપ કરી ખેડૂતો હવે ન્યાય મેળવવા મેદાનમાં ઉતરશે. બાકી નાણાંની વસૂલાત અને કાંઠા સુગરને ફરી બેઠી કરવાની માંગ સાથે 18 નવેમ્બરે સવારે 10 વાગ્યે સભાસદ ખેડૂતો અને બિનઉત્પાદક સભાસદો સરકાર નિયુક્ત કસ્ટોડિયન કમિટીને આવેદનપત્ર આપશે. કમિટી તરફથી સંતોષકારક જવાબ નહીં મળે તો કાંઠા સુગર ખાતે દેખાવો કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. ખેડૂત સમાજે આ લડતને ટેકો જાહેર કર્યો છે.

સભાસદ ખેડૂત અગ્રણી સુભાષ પટેલે જણાવ્યું હતું કે, ઓલપાડ કાંઠા સુગ દ્વારા 814 ખેડૂતોને શેરડીનાં રૂ.7.44 કરોડ ચૂકવવાના બાકી છે. છેલ્લા બે વર્ષથી નાણાં નહીં મળતાં ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. સરકાર નિયુક્ત કસ્ટોડિયન કમિટી ખેડૂતોને ચૂકવણી કરવા માટે રકમ ન હોવાનું જણાવે છે, ત્યારે ખેડૂતો પોતાનાં લેણાં મેળવવા ક્યાં જાય તેવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો.

તેમણે વધુમાં સવાલ કર્યો હતો કે, જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા દર વર્ષે ઓડિટ કરવામાં આવે છે તો કાંઠા સુગરની આર્થિક સ્થિતિ અંગે ખાંડ નિયામક કે સુગર કમિશનરને જાણ કરવામાં આવી હતી કે કેમ?

ખેડૂતો લોન ભરપાઈ ન કરી શકે તો બેંકો તેમની જમીન પર બોજો મૂકે છે, પરંતુ ખેડૂતોની શેરડીની બાકી રકમની સુરક્ષા માટે આવી કાર્યવાહી કેમ કરવામાં આવી નથી? શેરડી નિયંત્રણ આદેશ-1966 હેઠળ બાકી ચૂકવણીના કિસ્સામાં સુગર ફેક્ટરીના ખાંડના જથ્થા અને મિલકતો સામે કાર્યવાહી કરવાની જોગવાઈ હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. વ્યારા સુગરની જેમ કાંઠા સુગરના ખેડૂતોને પણ સરકાર રૂ.7થી 8 કરોડ ચૂકવે તેવી માંગણી કરી હતી.

ખેડૂત અગ્રણી જયેશભાઈ પટેલ (દેલાડ)એ મુખ્યમંત્રી અને સહકાર મંત્રીને તાત્કાલિક દરમિયાનગીરી કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વ્યારા સુગરના 850 ખેડૂતોને દિવાળી પહેલાં રૂ.7.14 કરોડ ચૂકવવાનો નિર્ણય આવકારદાયક છે. આવો જ ન્યાય ઓલપાડ, માંગરોળ અને હાંસોટના શેરડી ઉત્પાદક ખેડૂતોને પણ મળવો જોઈએ.

પીપલોદમાં બે કાર વચ્ચે અકસ્માત બાદ આગ ફાટી નીકળી

કતારગામના સોની પરિવારના 5 સભ્યોનો ચમત્કારિક બચાવ



સુરતઃ સુરતના પીપલોદ વિસ્તારમાં કારગીલ ચોક પાસેના રોડ પર શનિવારે મોડી રાત્રે કતારગામના સોની પરિવારની કાર સાથે અન્ય એક કાર ધડાકાભેર ભટકાતા અકસ્માત સર્જાયો હતો, જેના ગણતરીના સમયમાં જ કારમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ, કતારગામની રાધાસ્વામી સોસાયટીમાં રહેતા 20 વર્ષીય ક્રિષ્ના સોની, માલાબેન સોની (ઉં.વ. 41), દીશા સોની (ઉં.વ. 23), સંજુ સોની (ઉં.વ. 35) અને સોનુ સોની (ઉં.વ. 35) કારમાં સવાર થઈને પીપલોદ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કારગીલ ચોક નજીક લેકવ્યુ ગાર્ડન પાસે સામેની કાર સાથે ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. જોકે, સદનસીબે કારમાં આગ લાગે તે પહેલા જ સોની પરિવારના પાંચેય સભ્યો સમયસૂચકતા વાપરીને કારની બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી અને તમામનો આબાદ બચાવ થયો હતો.

અકસ્માત બાદ અચાનક કાર આગની લપેટમાં આવી જતા રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા.

ઘટના સ્થળે હાજર જાગૃત નાગરિકોએ તાત્કાલિક ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા, જ્યારે કોલ મળતા જ ફાયર બ્રિગેડના લાશ્કરોની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી થોડી જ વારમાં આગને સંપૂર્ણપણે ઓલવી નાખી હતી. બીજી તરફ, આ અકસ્માતમાં સોની પરિવારના બે સભ્યોને સામાન્ય ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સ મારફતે તેઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

અનુસંધાન ... પાના છેલ્લાનું

CNGના ભાવમાં...

છે. તેની અસર હવે દેશમાં CNGના ભાવ પર પણ જોવા મળી રહી છે.

ગુજરાત એનર્જી લિ .(ગુજરાત ગેસ)ના CNGનો ઉપયોગ કરતા આશરે 3.34 લાખ વાહનચાલક ગ્રાહકોને આ ભાવ વધારાની સીધી અસર થશે. તેમાં શહેરોમાં મુસાફરોની અવરજવર માટે દોડતા ઓટો રિક્ષા, સ્કૂલ ઓટો, સ્કૂલ વેન, તેમજ ગુડ્ઝ વાહનો, ટ્રાન્સપોર્ટ વાહનો અને ખાનગી CNG કારનો સમાવેશ થાય છે.

CNGના ભાવમાં સતત વધારો થતાં દૈનિક વાહન ચલાવવાનો ખર્ચ વધશે. ખાસ કરીને ઓટો રિક્ષા અને સ્કૂલ વાહનચાલકો માટે ઇંધણ ખર્ચ તેમની કુલ દૈનિક આવકના મોટા હિસ્સા સાથે સંકળાયેલો હોવાથી ભાવ વધારાની અસર વધુ જોવા મળી શકે છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં CNG વાહનોની સંખ્યા નોંધપાત્ર હોવાથી ભાવ વધારાની અસર વ્યાપક ગ્રાહકવર્ગ સુધી પહોંચશે. એક તરફ વાહનચાલકોના દૈનિક ખર્ચમાં વધારો થશે, જ્યારે બીજી તરફ પરિવહન ખર્ચ વધવાથી તેની આડકતરી અસર અન્ય ચીજવસ્તુઓના ભાવ પર પણ પડવાની સંભાવના છે.

હરીપુરામાંથી 1.85...

આવેલા બાગ-એ-અબ્દુલ રહેમાન એપાર્ટમેન્ટના પાંચમા માળે ફ્લેટ નં.501માં રહેતી રૂબીના યુનુસખાન પઠાણ બહારથી મેફેડ્રોનનો જથ્થો મંગાવી તેનું છૂટક વેચાણ કરે છે.

બાતમીના આધારે પોલીસે ફ્લેટમાં દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમ ફ્લેટમાં પહોંચી ત્યારે મહિલા સોફા પર બેઠેલી મળી આવી હતી. તેની બાજુમાં પડેલી કાળા રંગની લેડીઝ બેગની તપાસ કરતાં તેમાંથી પારદર્શક ડબ્બામાં રાખેલી મોટી અને નાની પુશલોગ બેગમાંથી ડ્રગ્સ મળી આવ્યું હતું.

પોલીસે દરોડા દરમિયાન 61.780 ગ્રામ મેફેડ્રોનની અંદાજિત રૂ.1,85,340ની કિંમતનો જથ્થો, રૂ.15,500 રોકડા અને રૂ.33,000ની કિંમતના બે મોબાઈલ ફોન, વજનકાંટો, પ્લાસ્ટિકની ચમચીઓ સહિત કુલ રૂ.2,33,940નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મહિલાની પ્રાથમિક પૂછપરછમાં આ ડ્રગ્સનો જથ્થો યોગેશ રેપ અને અન્ય એક અજાણ્યા શખ્સ પાસેથી છૂટક વેચાણ માટે મેળવ્યો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.

સિટીલાઇટ રોડ...

તેની તપાસ દરમિયાન પ્રતિબંધિત ચરસ મળી આવતાં એફએસએલના સાયન્ટિફિક ઓફિસરને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. એફએસએલ અધિકારીની પ્રાથમિક તપાસમાં મળી આવેલો પદાર્થ ચરસ હોવાનું સામે આવ્યું હતું.પોલીસે પકડાયેલા યુવકની ઓળખ વિશાલ સુરેશભાઈ શિંદે (ઉં.વ.31, રહે. પનાસ ગામ, કૃષિ ફાર્મ પાછળ, એસવીઆર કોલેજ પાસે, સુરત) તરીકે કરી હતી. તેની પાસેથી રૂ.9 હજારની કિંમતનું 36 ગ્રામ ચરસ, રૂ.5 હજારનો મોબાઇલ ફોન અને રૂ.10 હજારની ડાયો મોપેડ મળી કુલ રૂ.24 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં વિશાલે આ ચરસનો જથ્થો પનાસ ગામમાં રહેતા દિપેશ સપકાલ પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. ચરસ ઉપરાંત મોપેડ પણ દિપેશની હોવાનું અને તેને સપ્લાઇ મોકલ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જોકે, દિપેશ સ્થળ પર મળી ન આવતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

અમરોલીમાં 1100...

ડિવિઝનલ ફાયર ઓફિસર હાર્દિક પટેલના જણાવ્યા અનુસાર, સાંજે પાંચ વાગ્યે બનાવ અંગેનો કોલ મળતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

એસિડ હવામાં ભળીને રસ્તા પરથી પસાર થતા લોકોના શ્વાસમાં ન ભળે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમગ્ર વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો હતો.

સાથે જ વાહનવ્યવહારને અન્ય માર્ગે વાળવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે એસિડની અસરને નિયંત્રિત કરવા માટે રસ્તા પર મોટા પ્રમાણમાં માટીનો જથ્થો ઠાલવ્યો હતો,

જેથી એસિડની અસર અને તેના ફેલાવાને નિયંત્રિત કરી શકાય. અઢીથી ત્રણ કલાક સુધી ચાલેલી કામગીરી બાદ પરિસ્થિતિ કાબૂમાં આવી હતી. એસિડ ઢોળાવાની ઘટનાને પગલે વેદાંત સર્કલ વિસ્તારમાં લાંબા સમય સુધી વાહનવ્યવહાર પ્રભાવિત રહ્યો હતો.

અમદાવાદના જુહાપુરામાંથી...

અટકાયત કરવામાં આવી છે. તપાસનો રેલો બોપલ સુધી પહોંચ્યો છે, જ્યાં આરોપી સાથે સંકળાયેલી કોફી શોપમાં પણ એનસીબીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

અમદાવાદના સરખેજ-જુહાપુરામાં રહેણાક મકાનના બેઝમેન્ટમાં એમડી ડ્રગ્સ બનાવવાની ગુપ્ત ફેક્ટરી ચલાવવાના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે મુદસ્સર અહમદ ખાન પઠાણની સંડોવણી બહાર આવતા તેને ઝડપી લેવાયો છે. મોહમ્મદી પાર્ક નજીક આવેલી લબ્બૈક પાર્ક-2 સોસાયટીના મકાનના બેઝમેન્ટમાં એનસીબીએ 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ્સ' હેઠળ દરોડો પાડીને એમડી ડ્રગ્સ, 25 પ્રકારનાં કેમિકલ્સ, અંદાજે 130 કિલો રસાયણો અને લેબોરેટરીનાં સાધનો જપ્ત કર્યાં છે.

મકાનની બહાર 'M.M. Pathan'ના નામનું બોર્ડ લાગેલું હતું. તપાસમાં આરોપી મુમતપુરા રોડ પર 'રતલામ કેફે' પણ ચલાવતો હોવાનું સામે આવતાં એનસીબીએ ત્યાં પણ દરોડા પાડ્યા છે.

બીજી તરફ, ડ્રગ્સના ઉત્પાદન માટે જરૂરી કેમિકલ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંદસૌરથી અમદાવાદ પહોંચતો હોવાની પ્રાથમિક વિગતો મળતાં તપાસનો રેલો હવે ગુજરાત બહાર સુધી લંબાયો છે.

ગુજરાત ઝોનલ યુનિટની મોટી કાર્યવાહી

એનસીબીના ગુજરાત ઝોનલ ડિરેક્ટર તરીકે ઘનશ્યામ સોનીએ ચાર્જ સંભાળ્યા બાદ અમદાવાદમાં આ પ્રથમ મોટું ઓપરેશન હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત પોલીસના સહયોગથી હાથ ધરાયેલા આ ઓપરેશનમાં રહેણાક મકાનના ભોંયરામાં ચાલતી હોવાની આશંકા ધરાવતી ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ થયો છે.

130.613 કિલો રસાયણો અને કેમિકલ્સ જપ્ત

વિવિધ પ્રકારનાં એસિડ
ઔદ્યોગિક કેમિકલ્સ
સોલ્વન્ટ્સ અને અન્ય રસાયણો
86.650 કિલો મિથાઇલ ડાઇક્લોરાઇડ
12.920 કિલોગ્રામ સલ્ફર-મુક્ત ટોલ્યુઇન
9.115 કિલોગ્રામ પ્રોપિયોનાઇલ ક્લોરાઇડ અને મિથાઇલ ડાઇક્લોરાઇડનું મિશ્રણ
4.046 કિલોગ્રામ ગ્લેશિયલ એસિટિક એસિડ
સોડિયમ હાઇડ્રોક્સાઇડ - સોડિયમ બાયકાર્બોનેટ
એસિટોન, સલ્ફ્યુરિક એસિડ, મિથાઇલએમાઇન
હાઇડ્રોક્લોરિક એસિડ, હાઇડ્રોબ્રોમિક એસિડ
એલ્યુમિનિયમ ક્લોરાઇડ, હાઇડ્રોજન પેરોક્સાઇડ

આદિવાસી પટ્ટામાં ભાજપનું રાજકીય શક્તિપ્રદર્શન

જગદીશ વિશ્વકર્માએ લીમખેડાથી કોંગ્રેસ પર સાધ્યું નિશાન

ગાંધીનગર : ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાજકીય પકડ મજબૂત કરવાના પ્રયાસોના ભાગરૂપે ભાજપે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવી આદિવાસી સમાજ સુધી રાજકીય અને સંગઠનાત્મક સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. દાહોદના લીમખેડામાં યોજાયેલા કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કોંગ્રેસને સીધા નિશાન પર લેતાં આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે કેન્દ્રમાં છ દાયકા સુધી સત્તામાં રહીને આદિવાસી સમાજનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો હતો. બીજી તરફ, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે બિરસા મુંડાને રાષ્ટ્રીય સ્તરે સન્માન આપવાની સાથે આદિવાસી સમાજના ગૌરવ, ઓળખ અને અધિકારોને નવી ઓળખ આપી હોવાનો દાવો કર્યો હતો. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય વિકાસના મુદ્દાઓને આગળ ધરીને તેમણે ભૂપેન્દ્ર પટેલ સરકારની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

લીમખેડા અને દેવગઢ બારિયા વિધાનસભાના સંયુક્ત કાર્યક્રમમાં જગદીશ વિશ્વકર્માએ 'જય જોહાર'ના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાનું જીવન માત્ર 25 વર્ષનું રહ્યું હોવા છતાં તેમના વિચારો, સંઘર્ષ અને સામાજિક જાગૃતિનાં કાર્યો પેઢીઓ સુધી પ્રેરણા આપતાં રહેશે. માત્ર 16 વર્ષની વયથી તેમણે ગામેગામ ફરીને આદિવાસી સમાજમાં નૈતિક મૂલ્યો, સાંસ્કૃતિક એકતા અને સામાજિક જાગૃતિ માટે કામ કર્યું હતું.

પ્રદેશ ભાજપ અધ્યક્ષે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, છ દાયકા સુધી કેન્દ્રમાં સત્તા ભોગવવા છતાં કોંગ્રેસે આદિવાસી સમાજના વાસ્તવિક ઉત્થાન માટે ગંભીર પ્રયાસો કર્યા નહોતા.